## અમદાવાદ (ગ્રામ્ય) ના બીજા એડી.જ્યુ.મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, અમદાવાદ.

**ફોજદારી કેસ નં – 5025/2024**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપીઃ** **ધનાભાઈ કુંવરાભાઈ ભરવાડ**

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯, જી.પી.એકટ.૯૦(અ),એનીમલ ફ્રુઅલ્ટીએકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબ**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯,જી.પી.એકટ.૯૦,એનીમલ ફ્રુઅલ્ટીએકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯,જી.પી.એકટ.૯૦,એનીમલ ફ્રુઅલ્ટીએકટ.૧૧(૧) (એચ) (આઈ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીએ ગુનાની કબુલાત પુરસીસમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ– ૨૮૯, જી.પી.એકટ.૯૦, એનીમલ ફ્રુઅલ્ટી એકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂ.**૬૦૦/–(રૂપિયા છસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૪
સ્થળ: અમદાવાદ

(એમ.ડી. વીરાણી)
બીજા એડી.જ્યુ.મેજી.ફ.ક
અમદાવાદ (ગ્રામ્ય)
UIC No.GJ01362